# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/ક્વા-૩/૧૯-૨૦/૮૪૩૯–૫** **તા.૨૬–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૨/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **કાસુન્દ્રા સુરેશ ભગવાનજીભાઈ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે મનોજભાઈ કાન્તિલાલ ગાંભવા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી કે.બી.શાહ પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર કાસુન્દ્રા સુરેશ ભગવાનજીભાઈ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૨/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, ઢેબર રોડ, છેલ્લી ફાટકની સામે, શિવમ્ મોટરવાળી શેરી, શેરી નં. ૬, મારૂતી એન્જી. વકર્સ, બજરંગ એન્જી. ની બાજુમાં, મીલ્કત આવેલ છે, જે જુની અને જર્જરીત હાલત હોવાથી રીનોવેશન કરવાનુ હોય – સદર મીલ્કત ની બાજુમા ટ્રાન્સફોર્મર નડતરરૂપ છે. જે શીફટીંગ કરવા માટે સોરઠીયા વાડી પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ – જે અન્વયે જણાવાયેલ કે – સદર વીજ ટ્રાન્સફોર્મર મા લાગેલ – વીજ ગ્રાહકોની લેખીત સંમતી રજુ કરવા જણાવેલ – સદર વીજ ટ્રાન્સફોર્મરમાં અરજદાર નુ કોઈ વીજજોડાણ નથી. જેથી, અરજદાર ને યોગ્ય ન લાગતા – તેમજ ટ્રાન્સફોર્મર નડતરરૂપ હોય – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- કાસુન્દ્રા સુરેશભાઈ ભગવાનજીભાઈ, ઢેબર રોડ, છેલ્લી ફાટકની સામે, શિવમ્ મોટરવાળી શેરી, શેરી નં. ૬, મારૂતી એન્જી. વર્કર્સ, બજરંગ એન્જી. ની બાજુમાં,૧૧ કે.વી. વનરાજ ફીડરમાં 100 KVA નુ ટ્રાન્સફોર્મર નં DT-09/PUN/VAN/012/R-004 નડતર રૂપ હોય, જે શિફટ કરવા માટે લેખીત અરજીનાં અનુસંધાને સદર ટ્રાન્સફોર્મર વાળી જગ્યાની રૂબરૂ સ્થળ તપાસ કર્યા બાદ વિભાગીય કચેરી દ્વારા શ્રી સુરેશભાઈ બી. કાસુન્દ્રાને પત્ર નં. ડીઈ/એસએસડી/૪૩૨૨ તા. ૧૧/૧૨/૧૮. થી જણાવેલ કે સદર ટ્રાન્સફોર્મર માં ૭ નંગ ઈન્ડસ્ટ્રીલ વીજ કનેકશન આવેલ છે. તેમજ આપનાં વીજ કનેકશનવાળી શેરી સાંકડી હોય, તેમ છતાં આપનાં કારખાનાની આજુ બાજુ જ અન્યનાં કારખાના પાસે આ સદર ટ્રાન્સફોર્મર ફેરવવા માંગતા હોય, તો જે તે જગ્યાનાં કબ્જેદારની લેખીત સંમતિ મેળવીને કચેરીને જાણ કરવા જણાવેલ છે. પરંતુ અરજદાર શ્રી સુરેશભાઈ બી. કાસુન્દ્રા દ્વારા કોઈ જ પ્રત્યુત્તર લેખીતમાં રજુ કરેલ નથી.

૩.૧ વધુમાં શ્રી સુરેશભાઈ બી. કાસુન્દ્રા દ્વારા તેમની તા. ૧૩/૦૯/૧૯ વાળી લેખીત અરજીમાં જણાવ્યા અનુસાર તેઓનું સદર ટ્રાન્સફોર્મરમાં વીજ જોડાણ નથી. વિભાગીય કચેરી દ્વારા તા. ૨૧/૧૧/૧૯ નાં રોજ ફરી સ્થળ પર જતાં તપાસ કરતાં માલુમ પડેલ છે કે લોકેશન નં.૧૧ કે.વી. વનરાજ ફીડરનું 100 KVA **નું** DT-09/PUN/VAN/012/R-004 વાળા ટ્રાન્સફોર્મર માં હાલ ૬ ઈન્ડસ્ટ્રીયલ વીજ કનેકશનો આવેલ છે જે અગાઉ ૭ હતાં. સદર સ્થળનો નકશો તેમજ સદર ટ્રાન્સફોર્મરમાં જોડાયેલા વીજ ગ્રાહકોનું લીસ્ટ રજુ કરેલ છે. જેમાં અગાઉ શ્રી સુરેશભાઈ બી. કાસુન્દ્રા દ્વારા તેમનું NRGP ટેરીફવાળું વીજ જોડાણ જેનાં ગ્રાહક નં. ૩૧૭૦૧/૬૨૬૧૬/૦ , લોડ ૧૪ કી.વો.વાળું વીજ જોડાણ તા.૧૩/૦૯/૧૯ નાં રોજ તેમની લેખીત અરજી થી રદ કરાવેલ છે.

૩.૨ આમ, ઉપરોકત મુદદા નં. ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતેની તમામ બાબતને ધ્યાને લેતા તેમજ સદર સ્થળની તા. ૨૧/૧૧/૧૯ ની રૂબરૂ સ્થળ તપાસથી માલુમ પડેલ છે કે, સદર વીજ ટ્રાન્સફોર્મર સાંકડી શેરીમાં આવેલ હોય, અને જગ્યાનો અભાવ હોય, સદર ટ્રાન્સફોર્મર તાંત્રીક રીતે ત્યાંથી ખસેડી શકાય તેમ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર કાસુન્દ્રા સુરેશભાઈ ભગવાનજીભાઈ, ઢેબર રોડ, છેલ્લી ફાટકની સામે, શિવમ મોટરવાળી શેરી, શેરી નં. ૬, મારૂતી એન્જી. વર્કર્સ, બજરંગ એન્જી. ની બાજુમાં,૧૧ કે.વી. વનરાજ ફીડરમાં 100 KVA નુ ટ્રાન્સફોર્મર નં DT-09/PUN/VAN/012/R-004 નડતર રૂપ હોય, પીજીવીસીએલ દ્વારા અરજદારને પત્ર તા.૧૧/૧૨/૧૮ થી જણાવેલ કે સદર ટ્રાન્સફોર્મર માં ૭ નંગ ઈન્ડસ્ટ્રીલ વીજ કનેકશન આવેલ છે. તેમજ આપનાં વીજ કનેકશનવાળી શેરી સાંકડી હોય, તેમ છતાં આપનાં કારખાનાની આજુ બાજુ જ અન્યનાં કારખાના પાસે આ સદર ટ્રાન્સફોર્મર ફેરવવા માંગતા હોય, તો જે તે જગ્યાનાં કબ્જેદારની લેખીત સંમતિ મેળવીને કચેરીને જાણ કરવા જણાવેલ છે. જે અનુસંધાને અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરેલ નથી.

૪.૨ અરજદારની રજુઆત મુજબ – તેઓની પ્રીમાઈસીસ ની એન્ટ્રીમાં હૈયાત ટ્રાન્સફોર્મર ઉભુ છે, જેમા અગાઉ સદર અરજદારનુ વીજજોડાણ હતુ – ત્યારબાદ અરજદારની અરજી તા.૧૩–૦૯–૧૯ થી સદર વીજજોડાણ રદબાતલ કરાવેલ છે. હાલમા – સદર ટ્રાન્સફોર્મર માથી અરજદારનુ કોઈ વીજજોડાણ નથી. અરજદારની સદર જગ્યામાં – સદર ટ્રાન્સફોર્મર નડતરરૂપ હોય – જે શીફટીંગ કરવા માટે ટેકનીકલ ફીઝીબીલીટી – ટ્રાફિક ને નડતરરૂપ ન થાય તે રીતે – તેમજ સલામતીના નિયમ મુજબ જરૂરી અંતર જાળવીને– અરજદાર ની એન્ટ્રીમાં

નડતરરૂપ ન થાય તે મુજબ ફરીથી સર્વે કરીને જો શીફટીગ શકય હોયતો – નિયમાધીન ભાવપત્રક ભરપાઈ થયે – સદર ટ્રાન્સફોર્મરને શીફટીગ કરવાની કાર્યવાહી હાથ ધરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯